# કૃષિ વિભાગના પુનઃ ગઠનની હાથ ધરાયેલ કવાયત : આજે બેઠક

**આજે મંત્રીની અધ્યક્ષતામાં બેઠક : કૃષિ, બાગાયત અને આત્માની કચેરીઓનું એકીકરણ કરાશે : પ્રાંતકક્ષાએ અલગથી મોનીટરીંગની વ્યવસ્થા ઉભી કરાશે : તંત્ર દ્વારા બે મહિનાથી કવાયત હાથ ધરવા માટે ખાસ ચેક લીસ્ટ પણ બનાવાયુ છે**

**(પ્રકાશ જહા દ્વારા)** ગાંધીનગર, તા. ૧૮

રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિભાગના પુનઃ ગઠનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે આ માટે આજે રાજ્યના કૃષિમંત્રીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક પણ યોજાનાર છે.

કૃષિ મંત્રાલયના સૂત્રોના જણાવ્યાનુસાર બે મહિનાથી પુનઃ ગઠન માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. રાજ્યના તમામ ખેડૂતોને અને તેમાંય ખાસ કરીને છેવાડાના ગામડાના ખેડૂતને તમામ સરકારી યોજનાનો લાભ મળી રહે તે માટે તાલુકા કક્ષાએ ખેડૂત કલ્યાણ કેન્દ્રો ઉભા કરવામાં આવશે.

આ માટે ખેતી નિયામક, બાગાયત નિયામક, નિયામક ખાતાની જિલ્લાકક્ષાની તથા તાલુકા કક્ષાની કચેરીઓને સંગઠીત કરી એક સુત્રતા જળવાય તે હેતુથી જિલ્લા તથા તાલુકા કક્ષાનું માળખુ વ્યવસ્થિત અને સુદૃઢ કરવા માટે તમામ તાલુકાકક્ષા અને પ્રાંતકક્ષા તથા જિલ્લાકક્ષાએ કચેરીઓ કાર્યરત કરાશે.

તાલુકા કક્ષાએ વર્ગ-૨ના અધિકારીઓને નિમણુંક અપાશે તેમજ પ્રાંતકક્ષાએ તેનુ મોનીટરીંગ અલગથી થશે. આ પછી જિલ્લાકક્ષાએ સિનીયર અધિકારીઓને અર્થાત વર્ગ-૧ના અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવશે.

મળતી વિગતો મુજબ આ અંગે કૃષિ વિભાગ દ્વારા એક ચેક લીસ્ટ પણ તૈયાર કરી અને અધિકારીઓને હાલની માળખાગત સુવિધા, ખાલી જગ્યાઓ વિગેરે બાબતોનો અહેવાલ માંગવામાં આવ્યો હતો.

હવે જિલ્લા કક્ષાએથી કૃષિ યોજનાઓનું મોનીટરીંગ નહિ પણ પ્રાંત કક્ષાએથી કરવામાં આવશે. ત્રણેય નિયામકની કચેરીઓનું એકીકરણ કરી દેવામાં આવશે. આને પગલે કર્મચારીઓની ઘટ જે છે તે પણ પૂરી કરવામાં આવશે.

પુનઃગઠન અંગેનો નિર્ણય એકાદ માસમાં આખરી કરી દેવામાં આવે તેવી શક્યતાના સંકેતો પણ તંત્રમાંથી મળી રહ્યા છે. જો કે ત્રણેયની કામગીરી અલગ છે અને યોજનાઓ બેવડાય નહિ તેના માટે પણ અલગથી અભ્યાસ કરવામાં આવે તે જરૂરી હોવાનું તંત્રના સૂત્રોનું માનવુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ચ-૩ પાસે પાણી સપ્લાયની લાઈનમાં લીકેજ

**પાટનગર યોજના ભવનની ટીમ દોડતી થઇ : મોડીસાંજ સુધી સમારકામ ચાલ્યુ : આજે પાણીનો સપ્લાય નિયમતિ અપાશે**

ગાંધીનગર તા ૧૮

નવા સેકટરોમાં પાણીનો સપ્લાય કરતી લાઈનના બે જોઈન્ટ ખુલી જતા સવારથી જ ચ-૩ પાસે પાણીનુ તળાવ ભરાઇ ગયુ હતુ. પાણીની લાઈનમાં પ્રેશરની વધઘટના લીધે અચાનક જ લાઈનમાં લીકેજીસની સમસ્યા સર્જાઇ હતી. આ સ્થિતિ વચ્ચે સર્કલ આસપાસ પાણી પાણી થઈ ગયુ હતુ. પાણીના પ્રવાહને વહેતો અટકાવવા માટે પાટનગર યોજના ભવનની ટીમ કામે લાગી હતી. મોડી સાંજ સુધી સમારકામ ચાલ્યુ હતુ. જયારે આ દરમિયાન સવારે કેટલાક નવા સેકટરોમાં પાણીનો સપ્લાય પણ બંધ કરી દેવાયો હતો. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ સોમવારે સવારે પાણીનો નિયમિત સપ્લાય આપવામાં આવશે.

શહેરમાં આકરી ગરમી વચ્ચે પાણીનો વપરાશ વધ્યો છે. જયારે સેકટરોમાં ઘણીવાર પાણીની પોકાર ઉઠવા પામે છે. આવા સંજોગોમાં પાણીનો બગાડ ન થાય તે પણ અત્યંત જરૂરી છે. ત્યારે ચ-૩ સર્કલ

## સર્કલ પાસે તળાવ ભરાયુ

પાસે આજે સવારે પાણીની લાઈનમાં બે ઠેકાણે જોઈન્ટ ખુલી જતા સર્કલ આસપાસ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સવારથી જ અચાનક લાઈનમાં લીકેજીસ સર્જાતા સર્કલ પાસે પાણીનુ તળાવ અસ્તિત્વમાં આવ્યુ હતુ. ચોમેર પાણી પાણી થઈ જતા રાહદારીઓમાં પણ પાણીના બગાડ અંગે ચિંતા પ્રવર્તી હતી. શહેરના હાર્દસમા વિસ્તારમાં પાણીનુ તળાવ ભરાતા પાટનગર યોજના ભવનની ટીમ દોડતી થઈ ગઈ હતી. પાટનગર યોજના ભવનના અધિકારીઓએ સ્થળ પર પહોંચી પરિસ્થિતિનુ નિરિક્ષણ કર્યુ



હતુ. પાણીને વહેતુ અટકાવવા માટે ત્વરિત અસરથી સમારકામ ચાલુ કરી દેવાયુ હતુ.

સુત્રોના જણાંવ્યા મુજબ ચ-૩ પાસે સ્થિત પાણીનો સપ્લાય કરતી મુખ્ય લાઈનમાં બે જોઈન્ટ ખુલ્લા થતા આ સ્થિતિ સર્જાઇ હતી. જયારે પાણીના દબાણની વધઘટના લીધે જોઈન્ટ ખુલ્લા થતા પાણીના લીકેજની સમસ્યા સર્જાઇ હતી. જેના લીધે સવારે ૮ : ૧૫ કલાકે નવા સેકટરોમાં પાણીનો સપ્લાય બંધ કરી દેવાયો હતો. જો કે મોડીસાંજ સુધી સમારકામ ચાલ્યુ હતુ. તંત્રના જણાંવ્યા મુજબ મોડી સાંજ સુધીમાં કામગીરી પુર્ણ થઈ જતા સોમવારે સવારથી સેકટરોમાં પાણીનો નિયમિત સપ્લાય આપવામાં આવશે.



મહા મુકાબલાની અસર - ચેમ્પિયન ટ્રોફીની હાઈવૉલ્ટેજ ફાઈનલ મેચની અસર પાટનગરના માર્ગો પર વર્તાતી હતી... ભારત - પાકિસ્તાન વચ્ચેની મેચ માટે સમગ્ર દેશમાં ભારે ઉત્તેજના વર્તાતી હતી... જેના પગલે શહેરના ક્રિકેટ રસિયાઓ પણ બપોરે ત્રણ વાગ્યાથી જીવંત પ્રસારણ જોવા ટીવી સામે બેસી ગયા હતા... શહેરમાં વાતાવરણ સૂમસામ વર્તાતું હતું....

# બાપુ મંગળવારે મિડીયાને મળી દિલ્હી જશે

**ગુજરાતનુ રાજકારણ મંગળવાર પછી કરવટ બદલશે તેવી રાજકીય અટકળો**

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા અને વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા મંગળવારે મહત્વની જાહેરાતો કરી અને દિલ્હી જાય તેવી અટકળોએ પાટનગરના રાજકીય વર્તુળોને વધુ ઉત્તેજીત બનાવ્યા છે.

આજે વિપક્ષ નેતાના કાર્યાલય તરફથી સત્તાવાર રીતે કહેવામાં આવ્યુ છે કે બાપુ મંગળવારે પત્રકારોને મળશે.

છેલ્લા પખવાડિયાથી પત્રકારો સાથે મૌન રાખી રહેલા બાપુ મંગળવારે વિધિવત રીતે મળવાના છે ત્યારે કેટલીક મહત્વની જાહેરાતો કરશે અને તેમના વિશે ચાલતી અટકળોનો અંત લાવશે તેમ મનાઈ રહ્યું છે.



વાઘેલા અહિ પત્રકારો સાથે વાતચીત કર્યા બાદ દિલ્હી પણ જવાના હોવાની વાતો બહાર ખુલ્લેઆમ ચર્ચાઈ રહી છે. જો કે બાપુ હમણાં પણ કોઈ ઉતાવળમાં નહિ હોવાનુ રાજકીય વર્તુળો માની રહ્યા છે.

બાપુ કોંગ્રેસ છોડી રહ્યા છે તેવી અટકળોને લઈ મંગળવારે તેઓ તેમના પક્ષ રજુ કરશે તેમ મનાઈ રહ્યુ છે. બીજી તરફ પક્ષના કાર્યકરો પણ જે હાલ અસમંજસની સ્થિતિ અનુભવી રહ્યા છે તે પણ આ પત્રકાર પરિષદ પછી સ્પષ્ટ થશે તેવુ મનાઈ રહ્યું છે.

ગુજરાતમાં કોંગ્રેસના નેતૃત્વમાં પરિવર્તન તેમજ વિધાનસભાની ચૂંટણી માટેની તૈયારીઓને લઈ બાપુ વધુ આગ્રહી બન્યા છે અને એટલે તેનો આરંભ તેમના પોતાનાથી જ કરી હોદ્દા પરથી રાજીનામુ ક્યારનુય આપી દીધાની વાતો સૂત્રો કરી રહ્યા છે.

બાપુ રાજ્યસભાની ચૂંટણીમાં પણ ઉમેદવાર બદલવા જોઈએ તેવી વાત પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સાથે મળી કેન્દ્રીય મોવડીમંડળ સમક્ષ કરી ચુક્યા હોવાની વાતો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે. જો કે ગુજરાતનુ રાજકારણ મંગળવાર પછી કરવટ બદલશે તેમ મનાઈ રહ્યુછે. જો કે બધાની નજર બાપુની પત્રકાર પરિષદ પર મંડાયેલી છે.


# રથયાત્રાની તૈયારીનો ધમધમાટ ભગવાનના રથનુ સમારકામ કરાયુ

ગાંધીનગર તા ૧૮

આગામી અષાઢી બીજના રોજ નિકળનારી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાની જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. ભગવાનના રથને સુશોભિત કરવા માટે પણ ભાવિક યુવાનો કામે લાગ્યા છે. જયારે ગત વર્ષ દરમિયાન રથનુ પૈડુ નિકળી ગયુ હતુ. આ પ્રકારની ઘટના ન સર્જાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. રથના સમારકામ અને સર્વિસ પાછળ સમિતિ દ્વારા ૧૫ હજારનો ખર્ચ પણ કરવામાં આવ્યો છે. રથયાત્રામાં ગજરાજ પણ આકર્ષણનુ કેન્દ્ર બને છે. જયારે રથયાત્રાને અનુલક્ષી આબુરોડથી ગજરાજની પણ નગરમાં પધરામણી થઈ ગઈ છે.

## રથના સમારકામ માટે ૧૫ હજારનો ખર્ચ થયો આબુરોડથી ગજરાજની પણ નગરમાં પધરામણી

આગામી અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથજીની ૩૩ મી ભવ્ય રથયાત્રા સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરેથી નિકળશે. જયરણછોડ માખણચોરના જયઘોષ વચ્ચે હાથી ,ઘોડા પાલકી સાથે નિકળનારી ભગવાનની રથયાત્રાનુ સેકટરોમાં ભવ્ય સ્વાગત કરવા માટે સેકટરવાસીઓ ઉત્સુક બન્યા છે. જયારે રથયાત્રા સમિતિ દ્વારા પણ રથાયાત્રા મહોત્સવને અનુલક્ષી જરૂરી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. હાલ રથને સુશોભિત કરવાનુ કામ પણ ચાલી રહયુ છે.જયારે ગત વર્ષ દરમિયાન રથયાત્રામાં ભગવાનના રથનુ પૈડુ નિકળી ગયુ હતુ. જયારે આ પ્રકારની ઘટનાને ડામવા માટે રથનુ પણ જરૂરી સમારકામ હાથ ધરાયુ છે. રથના બોલબેરીંગ સહીત સર્વિસનુ કામ કરવામાં આવ્યુ છે. રથના સમારકામ પાછળ અંદાજિત રૂ ૧૫ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે રથયાત્રામાં ગજરાજ પણ વિશેષ આર્કષણનુ કેન્દ્ર બને છે. ત્યારે રથયાત્રાને અનુલક્ષી આબુરોડથી ખાસ ગજરાજની પધરામણી પણ થઈ ગઈ છે.



ગજરાજ ગાંધીનગરમાં - પાટનગરમાં ગત વર્ષે રથયાત્રામાં ગજરાજના દર્શન થયા હતા... બરાબર પોણા બાર મહિને રવિવારે સેક્ટર-૨૧ના માર્કેટમાં ગજરાજ દેખાયા હતા... ગાંધીનગરમાં સામાન્યતઃ હાથી જોવા મળતા નથી... પ્રસંગોપાત કોઈ શોભાયાત્રા કે રથયાત્રામાં જોવા મળે છે...


મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફિસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com